


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 301
Dt.: 06-09-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### GSTમાં સુધારાનો નિર્ણય અચાનક નથી લેવાયોઃ સીતારમણની સ્પષ્ટતા

# વડાપ્રધાન મોદીએ ૮ મહિના પહેલાં GSTમાં સુધારા અંગે ચર્ચા કરી હતી

## નિર્મલા સીતારમણે જણાવ્યું કે, GST કાઉન્સિલની બેઠક મુખ્યત્વે બે દિવસ માટે નક્કી કરવામાં આવી હતી, પરંતુ તે એક જ દિવસમાં પૂર્ણ થઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા ખાતેથી સ્વતંત્રતા દિવસના અવસરે GSTમાં સુધારાની જાહેરાત કરી હતી. આનાથી ઘણા લોકોને એવું લાગ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય સામાન પર લાદવામાં આવેલા ટેરિફની અસરથી દેશની અર્થવ્યવસ્થા (India's Economy)ને બચાવવા માટે જ વડાપ્રધાન મોદીએ આ જાહેરાત કરી. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ખુલાસો કર્યો કે વડાપ્રધાન મોદીએ ૮ મહિના પહેલાં તેમની સાથે થયેલી એક બેઠકમાં GSTમાં સુધારા અંગે ચર્ચા કરી હતી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, GST કાઉન્સિલની બેઠક મુખ્યત્વે બે દિવસ માટે નક્કી કરવામાં આવી હતી, પરંતુ તે એક જ દિવસમાં પૂર્ણ થઈ ગઈ. આવું ત્યારે થયું જ્યારે ઘણા રાજ્યોએ કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ સંભવિત આવકના નુકસાનને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, તમાકુ અને તમાકુ સાથે સંકળાયેલી પ્રોડક્ટ્સ સિવાય, જીએસટીના તમામ નવા દરોમાં ફેરફાર ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થશે. આ નવરાત્રીના પ્રથમ દિવસથી લાગુ થવા જઈ રહ્યા છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, આ પહેલીવાર છે જ્યારે કેન્દ્ર સરકારે વળતર ઉપકર અને જીએસટી પર એક વ્યાપક પ્રસ્તાવ પર વિચાર કર્યો છે. નાના વ્યવસાયો માટે વેપાર કરવાની સરળ રીત, મધ્યમ વર્ગ, કરદાતાઓ અને દરેક ભારતીય નાગરિકનું કોઈને કોઈ રીતે સન્માન કરવું એ જ આ સુધારાઓનો હેતુ છે. નિર્મલા સીતારમણે કહ્યું કે, આ સુધારાઓનો ઉદ્દેશ GST દરોમાં ઘટાડો અને સ્લેબ ઘટાડીને સામાન્ય લોકો પર ટેક્સનો બોજ ઘટાડવાનો છે. તેમણે વધુમાં કહ્યું કે, 'જીએસટીના દરો ઘટાડવા માટે દોઢ વર્ષ પહેલાં ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ(GoM)ની રચના કરવામાં આવી હતી.

આ ગ્રૂપમાં કર્ણાટક અને બિહાર જેવા રાજ્યોના મંત્રીઓ સામેલ હતા, જેઓ સતત કામ કરી રહ્યા હતા. અમે ૩૦૦થી વધુ વસ્તુઓ પર દરો ઘટાડ્યા છે અને આ નિર્ણય એક દિવસમાં ન લઈ શકાય. જનતા પરનો બોજ ઓછો કરવા માટે દરેક ચીજ-વસ્તુ પર વારંવાર ચર્ચા કરાઈ હતી, જેમાં સમય લાગ્યો હતો, તેથી તેને ટ્રમ્પના ટેરિફ કે મોંઘવારી દર સાથે જોડી શકાય નહીં. નોંધનીય છે કે, GST કાઉન્સિલની ૫૬મી બેઠકમાં ૮ વર્ષ જૂની જીએસટી સિસ્ટમમાં મહત્ત્વના ફેરફારોને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠક બુધવારે યોજાઈ હતી અને ૧૦ કલાક કરતા વધારે સમય સુધી ચાલી હતી. આ બેઠકમાં GSTના હાલના ચાર સ્લેબ (૫%, ૧૨%, ૧૮% અને ૨૮%)ની જગ્યાએ હવે માત્ર બે મુખ્ય સ્લેબ - ૫% અને ૧૮% રાખવાનો નિર્ણય લેવાયો છે.

આ ઉપરાંત ખૂબ મોંઘી વસ્તુઓ, તમાકુ અને હાનિકારક વસ્તુઓ પર ૪૦%નો ખાસ ટેક્સ લાગશે. આ નવા નિયમો ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ (નવરાત્રિના પ્રથમ દિવસ)થી લાગુ થશે. જોકે, તમાકુ અને તેની સાથે સંકળાયેલી પ્રોડક્ટ્સ પર આ ફેરફારો બાદમાં અમલમાં આવશે.



### વિલંબને લીધે કોર્ટોએ આવા અપરાધીઓને જામીન આપવી પડે છે

# જઘન્ય ગુનાઓમાં ઝડપી ટ્રાયલ જરૂરી, ગુનેગારો સિસ્ટમ 'હાઈજેક' કરે છે: SC

## ૧૮ જુલાઈએ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારને ખાસ કાયદા હેઠળના કેસો માટે અદાલતો ન બનાવવા બદલ ફટકાર લગાવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જઘન્ય ગુનાઓના કેસોના ઝડપી ટ્રાયલની જરૂરિયાત પર ભાર મૂકીને સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ઘણીવાર ખુંખાર ગુનેગારો સમગ્ર ન્યાયપ્રણાલીને હાઈજેક કરે છે અને ટ્રાયલ પૂર્ણ થવા દેતા નથી. તેના પરિણામે કોર્ટને વિલંબના આધારે તેમને જામીન આપવાની ફરજ પડે છે. કેન્દ્ર સરકાર વિશેષ NIA કોર્ટ સ્થાપવા માટે રાજ્યો સાથે પરામર્શ કરી રહ્યું છે અને ટૂંકસમયમાં નિર્ણય કરાશે તેવી એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભટ્ટીની રજૂઆત પછી ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમાલ્યા બાગચીની ખંડપીઠે આ ટિપ્પણી કરી હતી.

ખંડપીઠે ભાટીને જણાવ્યું હતું કે જઘન્ય ગુનાઓમાં સમયસર ટ્રાયલ પૂર્ણ કરવી સમાજના હિતમાં છે અને ખુંખાર ગુનેગારો માટે ઝડપી ટ્રાયલ તેમને વધુ ગુના કરતાં રોકી શકે છે. આ તમારા માટે પ્રોત્સાહન આપવાની તક છે. ક્યારેક આવા ગુનેગારો સમગ્ર ન્યાય વ્યવસ્થાને હાઈજેક કરે છે અને ટ્રાયલ પૂર્ણ થવા દેતા નથી, પરિણામે કોર્ટને વિલંબના આધારે તેમને જામીન આપવાની ફરજ પડે છે.



એડિશનલ સોલિસિટર જનરલે જણાવ્યું હતું કે આવી અદાલતો સ્થાપવાની સત્તા રાજ્યો પાસે હોવાથી રાજ્યોને સહમત કરવાની જરૂર છે. ન્યાયાધીશ કાંતે કહ્યું હતું કે કેન્દ્રે ફક્ત જરૂરી બજેટ ફાળવણીની પ્રતિબદ્ધતા આપવાની જરૂર છે. હાઈકોર્ટની મંજૂરી અને રાજ્ય સરકારની ભૂમિકાના મુદ્દાને પછીથી ઉકેલી શકાય છે. સર્વોચ્ચ અદાલતે આ મામલાની સુનાવણી ૧૪ ઓક્ટોબર પર મુલતવી રાખી હતી. ૧૮ જુલાઈએ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારને ખાસ કાયદા હેઠળના કેસો માટે અદાલતો ન બનાવવા બદલ ફટકાર લગાવી હતી.

# છેતરપિંડીના કેસમાં શિલ્પા અને રાજની મુશ્કેલીઓ વધીઃ મુંબઈ પોલીસે જાહેર કરી લુક આઉટ નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુન્દ્રા સાથે સંબંધિત એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મુંબઈ પોલીસે હવે અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધ ૬૦ કરોડ રૂપિયાના છેતરપિંડીના કેસમાં લુકઆઉટ નોટિસ જાહેર કરી છે. આ કેસમાં વધુ માહિતી આપતાં એક અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ આ લુકઆઉટ સર્ક્યુલર જાહેર કર્યો છે, કારણ કે આ દંપતી ઘણીવાર આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરે છે. તેમણે જણાવ્યું કે અભિનેત્રી અને તેના પતિ વિરુદ્ધ ૧૪ ઓગસ્ટના રોજ જુહૂ પોલીસ સ્ટેશનમાં એક ઉદ્યોગપતિ સાથે લોન અને રોકાણ સોદામાં લગભગ ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ કેસ



નોંધવામાં આવ્યો હતો. લુકઆઉટ સર્ક્યુલર એ એક સિસ્ટમ છે જેનો ઉપયોગ વ્યક્તિને દેશ છોડતા અટકાવવા અથવા તેની પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે થાય છે, સામાન્ય રીતે ઈમિગ્રેશન અને સરહદ નિયંત્રણ પોસ્ટ્સને ચેતવણીઓ જાહેર કરવામાં આવ્યો છે. લુકઆઉટ સર્ક્યુલર જાહેર થયા પછી શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા દેશ છોડી શકશે નહીં. હાલમાં આ મામલે બંને તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પોલીસ તપાસ ચાલી રહી છે અને આગામી દિવસોમાં બંનેને પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. વાસ્તવમાં જુહૂ સ્થિત ઉદ્યોગપતિ દીપક કોઠારીએ આરોપ લગાવ્યો છે કે શિલ્પા અને રાજે ૨૦૧૫ થી ૨૦૨૩ દરમિયાન તેમની સાથે ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. દીપકનો દાવો છે કે આ રકમ કંપનીના વિસ્તરણ માટે લેવામાં આવી હતી, પરંતુ તેનો ઉપયોગ વ્યક્તિગત ખર્ચ માટે કરવામાં આવ્યો હતો. કોઠારીનો આરોપ છે કે શિલ્પા અને રાજે શરૂઆતમાં ૧૨ ટકા વાર્ષિક વ્યાજે ૭૫ કરોડ રૂપિયાની લોન માંગી હતી પરંતુ બાદમાં કર બચાવવા માટે તેને રોકાણ તરીકે બતાવવાની સલાહ આપવામાં આવી હતી. કોઠારીએ એપ્રિલ ૨૦૧૫માં ૩૧.૯૫ કરોડ રૂપિયા અને સપ્ટેમ્બર ૨૦૧૫માં ૨૮.૫૩ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, જે બેસ્ટ ડીલ ટીવીના બેંક ખાતામાં જમા કરવામાં આવ્યા હતા. દીપક કોઠારી કહે છે કે એપ્રિલ ૨૦૧૬માં શિલ્પા શેટ્ટીએ લેખિત વ્યક્તિગત ગેરન્ટી આપી હતી કે રકમ ચોક્કસ સમયમાં ૧૨ ટકા વ્યાજ સાથે પરત કરવામાં આવશે. પરંતુ થોડા મહિના પછી સપ્ટેમ્બર ૨૦૧૬માં શિલ્પાએ કંપનીના ડિરેક્ટર પદ પરથી રાજીનામું આપી દીધું. તેમને પાછળથી ખબર પડી કે ૨૦૧૭માં કંપની સામે ૧.૨૮ કરોડ રૂપિયાનો નાદારીનો કેસ પણ ચાલી રહ્યો છે, જેના વિશે તેમને અગાઉ જાણ કરવામાં આવી ન હતી. કેસ ૧૦ કરોડ રૂપિયાથી વધુનો હોવાથી તેને જુહુ પોલીસ સ્ટેશનમાંથી EOWને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. પોલીસે શિલ્પા, રાજ અને એક અજાણી વ્યક્તિ સામે IPC ની કલમ ૪૦૩ (મિલકતનો અપ્રમાણિક દુરુપયોગ), ૪૦૬ (વિશ્વાસનો ગુનાહિત ભંગ) અને ૩૪ (સામાન્ય હેતુ) હેઠળ કેસ નોંધ્યો છે.

### પીએમ મોદી આગામી સપ્તાહે મણિપુરની મુલાકાત લઈ શકે

# મણિપુરમાં બે વર્ષે શાંતિ પ્રયાસો સફળ નેશનલ હાઈવે ખૂલતા લોકોને રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોમી રમખાણનો ભોગ બનેલા મણિપુરમાં લાંબા સમય પછી શાંતિનો સૂરજ ઉગ્યો છે. મણિપુરના બે જાણીતા સંગઠન કુકી-ઝો ગ્રુપે ગુરુવારે કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય સાથે મણિપુરની અખંડતા જાળવી રાખવા સાથ રાજ્યમાં શાંતિ અને સ્થિરતા લાવવા માટેના કરાર કર્યા છે. તેના પગલે મણિપુરની દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે તેની ધોરી નસ સમાન કહેવાતો નેશનલ હાઈવે-ટુ ખૂલ્યો છે. કુકી નેશનલ ઓર્ગેનાઈઝેશન (કેએનઓ) અને યુનાઈટેડ પીપલ્સ ફ્રન્ટ (યુપીએફ) બંનેએ કેન્દ્રના શાંતિ પ્રયત્નોનો હકારાત્મક પ્રતિભાવ આપ્યો છે. તેઓ તેમના શસ્ત્રો કેન્દ્રીય દળો અને બીએસએફને સોંપી દેવા તૈયાર થયા છે. તેની સાથે કેન્દ્રીય દળોની સાથે મળીને આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા જાળવવાની ખાતરી આપી છે. તેની સાથે કેન્દ્રએ પણ તેમના વિસ્તારોમાં આવીને રહેતા વિદેશી તત્વોને ઓળખીને ત્યાંથી બહાર કાઢવાની ખાતરી આપી છે અને તેમા તેઓનો સહયોગ પણ માંગ્યો છે.આના પગલે આગામી સપ્તાહમાં તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મણિપુરની મુલાકાતે પણ જાય તેમ માનવામાં આવે છે. જો કે આ શાંતિ કંઈ રાતોરાત સ્થપાઈ નથી. કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને કુકીઓના આ બંને મોટા સંગઠન વચ્ચે શ્રેણીબદ્ધ બેઠકો પછી શાંતિ સ્થાપવાનો માર્ગ મોકળો થયો છે. મણિપુરમાં ત્રીજી મે ૨૦૨૩થી વંશીય હિંસા જારી છે. બહુમતી મેતૈઈ કમ્યુનિટીએ શેડયુલ્ડ ટ્રાઈબ (એસટી)નો દરજ્જો માંગતા તેના વિરોધમાં થયેલી કૂચ પછી આ હિંસા ફાટી નીકળી હતી. આ હિંસામાં અત્યાર સુધી કુકી અને મૈતેઈની સાથે સુરક્ષા દળો સહિત ૨૬૦ના મોત થયા છે.ગૃહ મંત્રાલયે જારી કરેલા નિવેદનમાં જણાવાયું છે કે કુકી-જો કાઉન્સિલે ભારત સરકાર તરફથી જારી સુરક્ષા દળો સાથે મળીને નેશનલ હાઈવે-ટુ પર શાંતિ જાળવી રાખવાનું વચન આપ્યું છે. આના કારણે મણિપુરના લોકોને હવે તેમની દૈનિક જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળશે. મે ૨૦૨૩થી મૈતેઈ-કુકી તનાવના કારણે આ રસ્તા પર આવાગમન ઠપ્પ હતું. આ તનાવના લીધે હજારો લોકો બેઘર થઈ ગયા હતા અને રાહત શિબિરોમાં રહેવાની ફરજ પડી હતી. હવે શાંતિ સ્થપાતા તેઓના પુર્નવસવાટ પર પણ ધ્યાન કેન્દ્રિત કરાશે. અહીં ગૃહ મંત્રાલય, મણિપુર સરકાર અને કુકી નેશનલ ઓર્ગેનાઈઝેશન તથા યુનાઈટેડ પીપલ્સ ફ્રન્ટ વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી પણ થઈ છે. તેના સસ્પેન્શન ઓફ ઓપરેશન્સ (એસઓએસ) કહેવાય છે. તે એક વર્ષ માટે અમલી રહેશે. તેમા મણિપુરની પ્રાદેશિક અખંડિતતા જાળવી રાખીને શાંતિ રાખવા તથા મંત્રણા દ્વારા હલ કાઢવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

# ઘર ખરીદનારા માટે મોટો નિર્ણયઃ રિયલ એસ્ટેટ ક્ષેત્રે છેતરપિંડી રોકવા માટે ડિજિટલ ડેટાબેઝ તૈયાર કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકાર ટૂંક સમયમાં એક ડિજિટલ ડેટાબેઝ શરુ કરવા જઈ રહી છે, જેમાં ભારતના તમામ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ વિશે માહિતી હશે. આ પગલું ઘર ખરીદનારા માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. કારણ કે, આની મદદથી છેતરપિંડીથી બચવા અને યોગ્ય પ્રોજેક્ટને પસંદ કરવામાં મદદ મળશે. આ ડેટાબેઝમાં પ્રોજેક્ટની તમામ જરૂરી જાણકારી જેમ કે, અપ્રૂવલ, કન્સ્ટ્રક્શનની પ્રગતિ અને બિલ્ડરોની વિશ્વસનીયતા જેવી વિગતો સામેલ હશે.

આ પોર્ટલ દ્વારા, લોકો હવે દેશભરના કોઈપણ બિલ્ડરના પ્રોજેક્ટ અને તેની વર્તમાન સ્થિતિ વિશે સંપૂર્ણ માહિતી સરળતાથી મેળવી શકશે. આ પગલું ખાસ કરીને એવા ઘર ખરીદદારો માટે મોટી રાહત છે જેઓ RERA કાયદાના અસ્તિત્વ છતાં પ્રોજેક્ટમાં વિલંબ અને છેતરપિંડીનો ભોગ બન્યા છે. ઘર ખરીદનારાઓની ફરિયાદો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં RERA અને રાજ્ય અધિકારીઓને ઠપકો આપ્યો હતો. જોકે, તેના થોડા અઠવાડિયા પછી જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. વડાપ્રધાને બિલ્ડરોની મનમાની અને ગ્રાહકોની ફરિયાદોના યોગ્ય નિરાકરણના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ત્યાર બાદ, આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ ખટ્ટરે RERA સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલ(CAC)ની બેઠકમાં આ નવું પોર્ટલ લોન્ચ કર્યું. આ ડેટાબેઝનો મુખ્ય હેતુ સંભવિત ખરીદદારોને સંપૂર્ણ માહિતી પૂરી પાડવાનો છે, જેથી તેઓ સમજી-વિચારીને નિર્ણય લઈ શકે.




# તંત્રી લેખ......

## ટેરિફને ટક્કર: જીએસટી સુધારનું બ્રહ્માસ્ત્ર

દિવાળીને દોઢ માસની વાર છે, છતાં દેશમાં બત્રીસે કોઠે દીવા થયા હોય તેવું વાતાવરણ છે. ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લાની રાંગ ઉપરથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વચન આપ્યું હતું કે, જી.એસ.ટી. (ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ)નાં સમગ્ર માળખાંમાં નોંધપાત્ર પરિવર્તન થશે. ગણેશજીનો ઉત્સવ ચાલી રહ્યો છે, ત્યારે જ હ્લજી.એસ.ટી.' કાઉન્સિલની ૫૬મી બેઠકના અંતે નાણામંત્રી-કાઉન્સિલના અધ્યક્ષા નિર્મલા સીતારામને જાહેરાત પણ કરી દીધી છે, જેનો અમલ આસો માસના પ્રથમ નોરતાંથી થશે. હ્લજી.એસ.ટી.'ની આ સમગ્ર પ્રક્રિયા ઉત્સવોની શૃંખલા સાથે સંકળાઈ ગઈ છે તે એક સંયોગ અને સુયોગ છે. દેશના અર્થવિદો અને આમ ઈન્સાનોએ કેન્દ્ર સરકારના આ પગલાંને વધાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીએસટીને બેવડી ભેટ લેખાવતાં કહ્યું કે, કર સુધારાથી લાખો ગરીબ-મધ્યમવર્ગ પરિવારોને ફાયદો થશે, સાથે અર્થતંત્ર પણ ગતિમાન બનશે. ૩ સપ્ટેમ્બરે રાત્રે હ્લજી.એસ.ટી.' કાઉન્સિલની બેઠક પૂર્ણ થઈ તે પછી દેશના અર્થતંત્ર અને સામાજિક ક્ષેત્રે સકારાત્મક સંવેદનો અનુભવાયાં છે. ટેક્સના ૧૨ અને ૨૮ ટકાનાં સ્તર નાબૂદ થઈ ગયાં છે, હવે ફક્ત ૫ ટકા અને ૧૮ ટકા ટેક્સ રહેશે. સંપૂર્ણપણે આમ આદમીને ધ્યાને રાખીને રોજિંદા ઉપયોગની વસ્તુઓ કે પછી મધ્યમવર્ગ માટે અગત્યની હોય તેવી બાબતો-ચીજોને ૫ ટકા હ્લજી.એસ.ટી.'માં સમાવવામાં આવી છે. ગ્રાહકો અને અર્થતંત્ર બન્નેની દૃષ્ટિએ આ નવું માળખું અગત્યનું સાબિત થશે. આર્થિક ક્ષેત્રના જાણકારો તો કહે છે, આ એક પ્રકારે વર્તમાન સંજોગોમાં સરકારે આપેલું રાહત પેકેજ જ છે! જે ક્ષેત્રને જરૂર છે તે તમામને ફાયદો થઈ રહ્યો છે. બજાર અને સામાન્ય ઉપભોક્તા બન્ને માટે રાહતનો ડોઝ છે. માંગ વધારવા અને સ્થાનિક-સ્વદેશી ઉત્પાદન વધારવા માટે આ અત્યંત ઉપયોગી નીતિ છે. ગ્રાહકલક્ષી કરતાં પણ આ સુધારાને નાગરિકલક્ષી સુધારા કહેવામાં અતિરેક નથી. ઘરમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓ જેવી કે માથાંમાં નાખવાનું તેલ, ટૂથપેસ્ટ, બ્રશ વગેરે ઉપર પાંચ ટકા ટેક્સ રહેશે. થર્મોમીટર, ગ્લુકોમીટર જેવી તબીબી સામગ્રી પણ પાંચ ટકા હ્લજી.એસ.ટી.'ના છત્ર અંતર્ગત છે. કૃષિ ક્ષેત્રની કેટલીક સામગ્રી, કાર, બૂટ એમ કહીએ કે, તમામ વર્ગને ધ્યાનમાં રાખીને ટેક્સમાં રાહત અપાઈ છે. વસ્તુઓ સસ્તી થતાં સ્વાભાવિક રીતે ખરીદી તો વધશે, સામે સામાન્ય માણસના ઘરમાં પણ થોડી થોડી બચત થશે. મોબાઈલ ફોન કે એરકન્ડિશન જેવી વસ્તુઓના ભાવ પણ ઓછા થશે. કરિયાણા-અનાજનો હ્લજી.એસ.ટી.' દર ૧૨ ટકામાંથી પાંચ ટકા થશે. અર્થતંત્રને વેગ મળશે તેમાં કોઈ બીજો અભિપ્રાય નથી. ડોનાલ્ડ ટ્રમ્પે થોડા સમય પહેલાં ભારતીય અર્થતંત્રને મૃત:પ્રાય ગણાવ્યું હતું. હ્લજી.એસ.ટી.'ના આ ફેરફારથી હવે ગતિ આવશે, પછી જગત જોશે કે, ડેડ ઈકોનોમી કેવી હોય! હ્લજી.એસ.ટી.' આમ પણ પહેલા દિવસથી ચર્ચામાં રહેલી વ્યવસ્થા છે. આજે સર્વત્ર તેની ચર્ચા છે, ત્યારે અનેક લોકો ૧ જુલાઈ, ૨૦૧૭ના એ દિવસ આમ તો મધ્યરાત્રિને યાદ કરી રહ્યા છે, જ્યારે સંસદમાં જીએસટી કાયદો પસાર થયો હતો. તત્કાલીન નાણામંત્રી સ્વ. અરુણ જેટલીએ કહ્યું હતું કે, આમાં સુધારા આવશે. તેમણે એ વખતે ક્યારે-ક્યારે શું ફેરફાર થશે તેની રૂપરેખા પણ આપી હતી. કોરોનાને લીધે જે આર્થિક પડકાર ઊભા થયા તેથી તેની ગતિ અલબત્ત થોડી ધીમી પડી છે, પરંતુ જે પરિવર્તન થયાં છે તે અગાઉ આયોજિત હતા. જીએસટી કાઉન્સિલના આ નિર્ણયને કોઈ બંગાળ-બિહારની ચૂંટણી સાથે સાંકળી રહ્યું છે. કોઈ તેને ટેરિફના પડકાર સામેનો બુલંદ જવાબ કહી રહ્યું છે, પરંતુ સોશિયલ મીડિયા ઉપર એક વર્ગ તો કહે છે, આ એક પણ બાબતને આ પરિવર્તન સાથે સંબંધ નથી. આ થવાનું હતું. જો કે, આ એક અભિપ્રાય છે, અંતિમ સત્ય નથી અને ન હોય તેમાં કશું ખોટું પણ નથી. કેન્દ્ર સરકારને તો જીએસટી માળખાંના આ પરિવર્તનથી ઊલટું નુકસાન છે. રાજ્યોની આવક વધશે. વિપક્ષો અનેક મુદ્દે અત્યારે નરેન્દ્ર મોદી અને સરકાર સામે મોરચા માંડીને બેઠા છે. આ જી.એસ.ટી. પરિવર્તન ફક્ત ટેરિફ, ટ્રમ્પને જ નહીં વિપક્ષોને પણ સજ્જડ જવાબ છે. અમેરિકાએ ભારત ઉપર જે ૫૦ ટકા ટેરિફનો અમલ શરૂ કર્યો છે તેને લીધે ભારતના વેપાર-ઉદ્યોગને મુશ્કેલી છે જ. ભારતે સ્વનિર્ભર બનવું જરૂરી છે. ધંધા-રોજગાર ટકાવવાનું અનિવાર્ય છે. આ સ્થિતિમાં સરકારે કદાચ ટેરિફને લીધે આ સુધારા કર્યા હોય તો પણ તેમાં ખોટું શું છે? કોઈ પણ સરકાર પોતાના નાગરિકોના ઉત્કર્ષ માટે જરૂરી પગલાં ભરે જ એટલે આ ટેરિફ સામેની ટક્કર હોય તો પણ તે આવકાર્ય છે. કોઈ પણ દેશ કે રાજ્યની કોઈ પણ પક્ષની સરકાર હોય તે જ્યારે પણ કોઈ નિર્ણય કરે, પગલું ભરે ત્યારે તેનો ઉદ્દેશ રાજકીય હોય કે ન હોય, તે સરકારને તેના રાજકીય ફાયદા કે ગેરફાયદા થાય જ. જીએસટીનાં માળખાંમાં થયેલા આ ફેરફારથી ભારતના સામાન્ય નાગરિકને ફાયદો થશે, અર્થતંત્રમાં વેગ આવશે.

### રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહ-૨૦૨૫ સંપન્ન

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના ૩૦ શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અર્પણ: પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત

### વિદ્યાર્થીઓમાં સ્વદેશી અને રાષ્ટ્ર પ્રથમનો ભાવ કેળવી, વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના વિઝનને શિક્ષક સમુદાય સાકાર કરે :મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત રાજ્યકક્ષાના શિક્ષક પારિતોષિક સમારોહમાં શિક્ષકોને સંબોધન કરતાં વિદ્યાર્થીઓમાં બાળપણથી જ સ્વદેશીના સંસ્કારોનું સિંચન કરીને આત્મનિર્ભર ભારતના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા માટે વિદ્યાર્થીઓના ખરા પથદર્શક બનવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. ત્યારે તેમનામાં આજથી જ સ્વદેશી અને રાષ્ટ્ર પ્રથમનો ભાવ કેળવાય તે જવાબદારી શિક્ષકોએ નિભાવવાની છે.

આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યના ૩૦ શિક્ષકોનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કરાયું હતું અને પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ પ્રતીકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીની વાત દોહરાવતાં કહ્યું કે માતા-પિતા પછી શિક્ષકો જ બાળમાનસ પર ઊંડો પ્રભાવ પાડે છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે લોહીનો નહીં પણ વાત્સલ્યનો સંબંધ છે. માતા-પિતા પછી શિક્ષક જ બાળમાનસ પર સૌથી વધુ અસર કરે છે. ત્યારે ભાવિ પેઢીનું ઘડતર કરી, વિકસિત ગુજરાત દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા સૌ શિક્ષકોને અપીલ કરી હતી.

શ્રી પટેલે કહ્યું કે આપણા જીવનમાં કોઈ પણ કામને નાનું ન સમજીએ, પરંતુ જે કાર્ય કરવાનું સૌભાગ્ય આપણને મળ્યું હોય, એ સારી રીતે નિભાવીએ તે જ સાચું શિક્ષણકાર્ય છે. તેમણે આજીવન શિક્ષક ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૭મી જન્મજયંતી પ્રસંગે પારિતોષિક મેળવનારા સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી, આજના દિવસે શ્રેષ્ઠ શિક્ષક સન્માન એ 'રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ' ગણાવી કહ્યું કે કોઈ પણ સમાજનો મજબૂત પાયો શિક્ષણ જ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભાર વિનાના ભણતરને પ્રોત્સાહન આપી, માતા-પિતાના આર્થિક ભારને પણ હળવો કર્યો છે. તેમણે GST ના સુધાર માટે વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય નાણામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે હજી બે દિવસ પહેલાં જ દેશમાં Next Gen GSTના સુધારાનું ઐતિહાસિક કદમ ભરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક સુધારામાં પણ તેમણે શિક્ષણ ક્ષેત્રનું ખાસ ધ્યાન રાખ્યું છે. જેનાથી શૈક્ષણિક ચીજવસ્તુઓના ભાવ પણ ઘટશે.

મુખ્યમંત્રીશ્રીએ આચાર્ય ચાણક્યના સૂત્રને યાદ કરી શિક્ષકની મહત્તા વિશે કહ્યું કે ગુરુ ભગવાનનાં પણ દર્શન કરાવી શકે છે. પ્રાચીનકાળથી ભારતમાં જ્ઞાનનાં દર્શન કરાવનાર આ ગુરુઓ જ છે. તેમનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું સમર્પણ જ્ઞાન પરંપરા અને મહાન બનાવે છે. તેમણે સ્વામી વિવેકાનંદને યાદ કરી કહ્યું કે, શિક્ષણ વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે છે. શિક્ષકની સકારાત્મકતા સૌથી મોટી મૂડી છે.

મુખ્યમંત્રીશ્રીએ નવી શિક્ષણનીતિ, દીકરીઓ માટે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની વાત કરી તેનો લાભ લેવા તેમજ વિકસિત ભારત @૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સ્વપ્નમાં સૌને સાથે મળી જોડાઈ જવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે ભગવાન શ્રી કૃષ્ણ, આચાર્ય ચાણક્ય, વિનોબા ભાવે તથા કાકાસાહેબ કાલેલકરના ઉદાહરણ આપીને જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ગુરુઓનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. વિદ્યાર્થીકેન્દ્રી, સમાજકેન્દ્રી લક્ષ્ય રાખીને અથાક પરિશ્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય ઘડતરનું કાર્ય કરનારા શિક્ષકોને તેમણે બિરદાવ્યા હતા. વધુમાં, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ દ્વારા સમગ્ર રાજ્યની પણ સારી છબિ ઉપસાવવા માટે તેમણે શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે મંત્રીશ્રીએ શિક્ષણજગતના નોબેલ પારિતોષિક સમાન ગ્લોબલ ટીચર પ્રાઈઝ મેળવનારા મહારાષ્ટ્રના પરિતેવાડી ગામના શિક્ષક રણજીતસિંહ દિસાલેનું અનુકરણીય ઉદાહરણ પણ આપ્યું હતું.

શિક્ષણનાં માધ્યમોમાં આવેલાં પરિવર્તન વિશે વાત કરતાં શ્રી ડિંડોરે કહ્યું કે આજે આધુનિક ટેક્નોલોજી અને AI કે રોબોટનો ઉપયોગ કરીને શાળામાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, પરંતુ વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન તો શિક્ષકો જ કરી શકે છે. એ દૃષ્ટિએ શિક્ષકની ભૂમિકા કાયમી અને જિવંત છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે આજે રાજ્યસ્તરે પારિતોષિક મેળવનારા ૩૦ શિક્ષકો તેમજ પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ જ પ્રકારે, જિલ્લા કક્ષાએ ૯૪ અને તાલુકા કક્ષાએ ૧૫૩ શિક્ષકોને પણ સ્થાનિક સ્તરે સન્માનિત થવા બદલ રાજ્ય સરકાર તરફથી શિક્ષણમંત્રીશ્રીએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ તકે શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ 'અમારા શિક્ષક અમારા માર્ગદર્શક' શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ મહાનગરપાલિકાનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ધારાસભ્યશ્રી બાબુભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી કૌશિક જૈન, શ્રી દિનેશ કુશવાહ, સ્ટે. કમિટી ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી મુકેશ કુમાર, શિક્ષણ નિયામકશ્રી એમ.આઈ. જોષી સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ-પદાધિકારીઓ તથા બહોળી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાતે જાપાનના ઈવાટે પ્રિફેક્ચરના વાઈસ ગવર્નર અને JICAનું ડેલીગેશન



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત જાપાનના ઈવાટે પ્રીફેક્ચરના વાઈસ ગવર્નર શ્રીયુત સાસાકી જૂનના નેતૃત્વમાં JICAના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં લીધી હતી.

આ પ્રતિનિધિ મંડળ નવી દિલ્હીમાં યોજાયેલા સેમિકોન ઈન્ડિયા-૨૦૨૫માં સહભાગી થવા ભારત આવેલું છે. તે દરમિયાન તેમણે રાજ્યમાં કાર્યરત જાપાનીઝ સેમિકોન ઈન્ડસ્ટ્રીઝનો મુલાકાત પ્રવાસ યોજ્યો હતો. આ ડેલીગેશન ધોલેરા SIRમાં કાર્યરત સેમિકોન ઉદ્યોગોની સ્થળ મુલાકાત લઈને ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યું હતું અને રાજ્ય સરકાર દ્વારા જાપાનીઝ ઉદ્યોગોને મળી રહેલા સહયોગ અંગે આભાર વ્યક્ત કર્યો હતો.

રાજ્યમાં સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીઝના ઝડપથી વધી રહેલા વ્યાપથી પણ આ ડેલિગેશન પ્રભાવિત થયું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત-જાપાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોથી રાજ્યમાં સેમિકન્ડક્ટર સેક્ટરમાં જાપાનીઝ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળશે તેમ બેઠકની ચર્ચા દરમિયાન જણાવ્યું હતું.

ગુજરાત ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ ધરાવતું રાજ્ય છે અને સેમિકન્ડક્ટર હબ બનવાની પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો.

આ સંદર્ભમાં તેમણે રાજ્યમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વધુ સંગીન બનાવવા માટે જાપાનના ઈવાટે પ્રીફેક્ચર સાથે ટેકનિકલ સપોર્ટ, સ્કીલ ડેવલપમેન્ટ માટે પ્રેક્ટીકલ નોલેજ, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદનો માટે રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ જેવા ક્ષેત્રોમાં લાંબા ગાળાના પરસ્પર સહયોગની ઉત્સુકતા દર્શાવી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, નાણાં વિભાગના અગ્ર સચિવ શ્રી ટી. નટરાજન, સાયન્સ એન્ડ ટેકનોલોજીના સચિવ શ્રીમતી પી. ભારતી અને વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

### ભારત અને ચીનનો ઈતિહાસ હુમલાઓથી ભરેલો છે

# ભારત અને ચીનને ધમકાવવાનું બંધ કરો રશિયાના પ્રમુખ પુતિને ટ્રમ્પને ચેતવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજિંગ

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ભારત અને ચીન પર ટેરિફ અંગે સુપર પાવર અમેરિકાની ટીકા કરી હતી. SCO સમિટ બાદ ચીનની વિક્ટ્રી પરેડમાં સામેલ પુતિને ટ્રમ્પને ચેતવ્યા કે, ટ્રમ્પ આ રીતે ભારત કે ચીન સાથે વાત ના કરી શકે. તેમણે ભારત અને ચીનને ધમકાવવાનું બંધ કરવું જોઈએ. બંને દેશોને ટેરિફથી ડરાવી શકાય નહીં. જો તેઓ હાર માને તો તેમનું રાજકારણ સમાપ્ત થઈ જશે. અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. આનાથી ભારતના એક્સપોર્ટ પર અસર પડી છે અને અમેરિકા સાથેના સંબંધો પણ બગડ્યા છે. રશિયાના ભાગીદાર દેશો ભારત અને ચીન પર આર્થિક દબાણ વિશે પૂછવામાં આવતા રશિયન રાષ્ટ્રપ્રમુખે કહ્યું કે, તમારી પાસે ભારત અને ચીન જેવા દેશો છે, જેમની વસ્તી લગભગ ૧.૫ અબજ છે. ભારત અને ચીનની આર્થિક વ્યવસ્થા શક્તિશાળી છે પરંતુ તેમની પોતાની સ્થાનિક રાજકીય વ્યવસ્થા અને કાયદા પણ છે. તેથી જ્યારે કોઈ તમને કહે કે તેઓ તમને સજા આપશે, ત્યારે તમારે વિચારવું પડશે કે તે મોટા દેશોનું નેતૃત્વ જેમના ઈતિહાસમાં પણ મુશ્કેલ સમય રહ્યો છે, જેઓ સંસ્થાનવાદ સાથે સંકળાયેલા છે અને લાંબા સમયથી તેમની સંપ્રભતા પર હુમલા થઈ રહ્યા છે, આવું કેવી રીતે થઈ શકે છે? પુતિને કહ્યું કે, ભારત અને ચીનનો ઈતિહાસ હુમલાઓથી ભરેલો છે. જો આ દેશોનો કોઈ નેતા નબળાઈ બતાવે છે તો તેની રાજકીય કારકિર્દી સમાપ્ત થઈ શકે છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### અમદાવાદ મંડળના ટિકિટ ચેકિંગ સ્ટાફનું સરાહનીય કાર્ય:

# ટ્રેનમાં રહી ગયેલી લેપટોપવાળી બેગ મુસાફરને સુરક્ષિત પરત આપી



પશ્ચિમ રેલ્વે પર અમદાવાદ મંડળના સમર્પિત કર્મચારીઓ તેમના માનનીય ગ્રાહકોને સુખદ અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે હંમેશા આગળ રહે છે? આ જ ક્રમમાં અમદાવાદ મંડળમાં કાર્યરત શ્રી શકીલ અહમદ, ઉપ મુખ્ય ટિકિટ નિરીક્ષકે ઈમાનદારીનું ઉદાહરણ આપીને એક મુસાફર દ્વારા ટ્રેનમાં ભૂલથી મૂકાયેલ કિંમતી બેગ, જેમાં એક લેપટોપ તથા અન્ય કિંમતી વસ્તુઓ હતી, જેની અંદાજિત કિંમત લગભગ રૂા.૨ લાખ હતી, તે શોધીને સલામત રીતે મુસાફરને પરત આપી.

ગાડી સંખ્યા ૦૯૨૦૮ માં, કોચ નંબર A/1, બર્થ નંબર ૩૦ પર મુસાફરી કરતા મુસાફર શ્રી સંદીપ પંડ્યા, જે અમદાવાદથી બોરીવલી જઈ રહ્યા હતા, પોતાની કાળી બેગ ટ્રેનમાં ભૂલી ગયા હતા. આ બેગ ફરજ પર કાર્યરત ઉપ મુખ્ય ટિકિટ નિરીક્ષક (Dy CTI) શ્રી શકીલ અહમદને તપાસ દરમિયાન મળી હતી. તેમણે તાત્કાલિક કાર્યવાહી કરીને બેગ સુરક્ષિત રીતે મુસાફરને પરત આપી .

આ સરાહનીય કાર્ય બદલ મુસાફરે જણાવ્યું કે, "હું શ્રી શકીલ અહમદ, Dy CTIનો દિલથી આભાર માનવા ઈચ્છું છું. તેમણે મારી હાલની ટ્રેન મુસાફરી દરમિયાન મારું લેપટોપ બેગ પરત આપવામાં જે મદદ કરી, તે ખરેખર સરાહનીય છે. તેમના ઝડપી પ્રયત્નો માત્ર મારો કિંમતી સમય જ બચાવ્યો નથી, પરંતુ મને એક મોટી અસુવિધા અને ખર્ચથી પણ બચાવ્યો છે. "હું તેમના મુસાફરો પ્રત્યેની જવાબદારીની ભાવના અને સમર્પણની સાચી પ્રશંસા કરું છું. તેમની સહાયતાથી ખરેખર મને ખૂબ મોટી મદદ કરી છે અને હું તેમના આ સહયોગ માટે હૃદયપૂર્વક આભારી છું?"

### ૨૦,૦૦૦ ચોરસ મીટરની સુવિધા વાર્ષિક ૨૦૦,૦૦૦ મેટ્રિક ટન સુધીના કાર્ગોનું સંચાલન કરી શકશે

# SVPI એરપોર્ટ પર અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કાર્ગો ટર્મિનલનો પ્રારંભ (ICT): ગુજરાતના નિકાસ લોજિસ્ટિક્સને વેગ આપશે

### ડિજિટલ પ્રક્રિયાઓ, સલામતી અને પારદર્શિતા સાથે વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર એર કાર્ગો શિપમેન્ટના અવરોધો દૂર કરશે





અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ (SVPI) એરપોર્ટે ગુજરાતના નિકાસ લોજિસ્ટીક્સને વેગવંતો બનાવવા કાર્ગો સંચાલનની નવી સુવિધાઓ વિકસાવી છે. ૨૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તાર અને વાર્ષિક ૨૦૦,૦૦૦ મેટ્રિક ટન સુધીના કાર્ગોને હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવતું નવું અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કાર્ગો ટર્મિનલ (ICT) સ્કેલ અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે છે. તેનાથી હાલના સેટ-અપની ક્ષમતામા વૃદ્ધિ થઈ ૫૦,૦૦૦ મેટ્રિક ટન/વર્ષ થશે.

અત્યાધુનિક પ્લેટફોર્મ ICT ડિજિટલ પ્રક્રિયાઓ સાથે વિશ્વ-સ્તરીય માળખાને એકીકૃત કરે છે. ICTનો ઉદ્દેશ્ય કાર્યક્ષમતા વધારવાનો અને કાર્ગોની અવરજવરમાં વિશ્વસનીયતા સુધારવાનો છે, જેનાથી SVPIA પર ઝડપી અને વધુ વિશ્વસનીય કાર્ગો પ્રોસેસિંગ થશે. ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં તેના વ્યાપક કેચમેન્ટ વિસ્તારોને પૂર્ણ કરવામાં આવશે. આ સુવિધા વ્યાપક CCTV, નિયંત્રિત ઍક્સેસ અને મજબૂત સ્ક્રીનીંગ ટેકનોલોજીના ધોરણોને જાળવી રાખે છે. ટ્રક ગેટ પર ઓટોમેટેડ નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR), હેન્ડહેલ્ડ ટર્મિનલ (HHT) કામગીરી અને બારકોડ ટ્રેકિંગ જેવી નવીનતાઓ માટે રીઅલ-ટાઈમ દૃશ્યતા સુનિશ્ચિત કરે છે. તેનાથી સપ્લાય ચેઈન ટેકનોલોજીમાં એક નવા ધોરણો સ્થાપિત થાય છે. ઉત્પાદન અખંડિતતા જાળવવા સમર્પિત કોલ્ડ-ચેઈન ઝોન બનાવવામાં આવ્યો છે, જ્યારે ઉચ્ચ ડોક કાઉન્ટ્સ, બોલ ટ્રાન્સફર ડેકિંગ અને ઓટોમેટેડ સાધનો જેવી અદ્યતન સુવિધાઓ પીક પીરિયડ્સ દરમિયાન કાર્યક્ષમતામાં વધારો કરશે.

ગુજરાતના ગતિશીલ ઔદ્યોગિક માળખાને ધ્યાને રાખતા ICT કાર્ગોના વ્યાપક સ્પેક્ટ્રમનું સંચાલન કરે છે, જેમાં ઈ-કોમર્સ, ઓટોમોટિવ ભાગો, ફાર્માસ્યુટિકલ્સ, કિંમતી વસ્તુઓ અને પેરીશબલ વસ્તુઓનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, ટોચની નિકાસમાં એન્જિનિયરિંગ માલ, વસ્ત્રો, ફાર્માસ્યુટિકલ્સ અને રસાયણોનો સમાવેશ થાય છે. આ ટર્મિનલ રાજ્યના વિકાસમાં વૃદ્ધિ માટે ઉભરતા ક્ષેત્રો અને ઉચ્ચ-મૂલ્યના કાર્ગોનું સંચાલન કરવા તૈયાર છે. જેમાં તાપમાન-નિયંત્રિત શિપમેન્ટ, ઈલેક્ટ્રોનિક ઘટકો, મોટા કદના સાધનો, ઝડપી ઈ-કોમર્સ કન્સાઈનમેન્ટસ વગેરેનો સમાવેશ થાય છે. SVPIA વિશ્વસનીય, ઝડપી અને ખર્ચ કાર્યક્ષમતા વધારવા માળખાગત સુવિધાઓ, ડિજિટલ સિસ્ટમ્સ અને મલ્ટિમોડલ કનેક્ટિવિટીમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે. તેનાથી ગુજરાતના ઉદ્યોગોને નોંધપાત્ર પ્રોત્સાહન મળશે. SVPI એરપોર્ટ, અમદાવાદ સહિત પશ્ચિમ ક્ષેત્ર માટે આધુનિક, કાર્યક્ષમ અને સ્થિતિસ્થાપક લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા સમર્પિત છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૩૬૩ અને ચાંદીના વાયદામાં રૂ.૬૦૫ની વૃદ્ધિઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૬ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૧૦૮.૫૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૬૧૭૩.૦૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૯૧૫૪.૪૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૪૯૬૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૭૨૮૨.૮૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૧૦૮.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૬૧૭૩.૦૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૯૬૩ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૬૭૩.૬૪ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૯૧૫૪.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬૬૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૭૧૫૧ અને નીચામાં રૂ.૧૦૬૬૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૬૪૧૭ના આગલા બંધ સામે રૂ.૩૬૩ વધી રૂ.૧૦૬૭૮૦ થયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૩૮ વધી રૂ.૮૫૭૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૭ વધી રૂ.૧૦૭૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૫ વધી રૂ.૧૦૫૯૭૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬૪૩૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૭૧૮૭ અને નીચામાં રૂ.૧૦૬૪૩૧ના મથાળે અથડાઈ, રૂ.૧૦૬૪૨૪ના આગલા બંધ સામે રૂ.૪૪૧ વધી રૂ.૧૦૬૮૬૫ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૩૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫૧૦૦ અને નીચામાં રૂ.૧૨૩૫૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૩૯૨૦ના આગલા બંધ સામે રૂ.૬૦૫ વધી રૂ.૧૨૪૫૨૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૬૪૪ વધી રૂ.૧૨૪૪૩૫ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૬૩૩ વધી રૂ.૧૨૪૪૨૦ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૮૫૬.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું સપ્ટેમ્બર વાયદો રૂ.૪.૦૫ વધી રૂ.૯૦૩.૮ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૯ વધી રૂ.૨૭૫.૨ થયો હતો. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૧ વધી રૂ.૨૫૪.૪૫ થયો હતો. સીસું સપ્ટેમ્બર વાયદો ૩૫ પૈસા વધી રૂ.૧૮૧.૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૦૨૩.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૮૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૮૨ અને નીચામાં રૂ.૩૬૫૫ના સ્તરને સ્પર્શી, રૂ.૯ વધી રૂ.૩૭૦૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૫૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૧૩ અને નીચામાં રૂ.૫૫૭૬ના મથાળે અથડાઈ, રૂ.૫૬૧૧ના આગલા બંધ સામે રૂ.૨૬ ઘટી રૂ.૫૫૮૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨૫ ઘટી રૂ.૫૫૮૭ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૨૭૨.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ પૈસા વધી રૂ.૨૭૨.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૯૭.૯ના ભાવે ખૂલી, રૂ.૧૫.૫ ઘટી રૂ.૯૭૭.૭ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૧ ઘટી રૂ.૨૫૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૧૮૭૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૧૨૧૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૯૫૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૯૩૩૬૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૮૨૩૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૭૫૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૦૭૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૨૫૬૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૪૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૭૪૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૯૭૬૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૯૮૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૫૦૨૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૪૯૨૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૦ પોઈન્ટ વધી ૨૪૯૬૩ પોઈન્ટના સ્તરે હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૯ ઘટી રૂ.૧૨૯.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૧૧.૮ના ભાવે બોલાયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૧.૫ વધી રૂ.૧૪૬૩ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦૪ વધી રૂ.૨૫૨૩ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૩ વધી રૂ.૭.૯૩ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૩ પૈસા વધી રૂ.૩.૮૯ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૭૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૩.૨૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા વધી રૂ.૧૪.૫૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૦ વધી રૂ.૧૪૩૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૯.૫ વધી રૂ.૨૪૫૦ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૪ વધી રૂ.૧૫૫.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૧૧.૮ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪ ઘટી રૂ.૮૪૦ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૧.૫ ઘટી રૂ.૧૦૨૦ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૬ ઘટી રૂ.૮.૭૫ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૮ ઘટી રૂ.૪.૯૧ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૫ વધી રૂ.૧૫૬ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૧૧.૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૮ ઘટી રૂ.૧૨૬૮.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૭૫.૫ ઘટી રૂ.૨૫૫૨ થયો હતો.

# શિક્ષક દિને ગુરૂજનોનો ઋણસ્વીકાર શિક્ષક કલ્યાણ નિધિમાં મુખ્યમંત્રીશ્રીએ ફાળો અર્પણ કર્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુરૂવર્યોના સમાજદાયિત્વનો ઋણસ્વીકાર કરતાં શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો.શિક્ષક કલ્યાણનિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે સવારે મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને ૹગાંધીનગર શહેર અને જિલ્લાની વિવિધ પાંચ જેટલી શાળાઓ અને કેન્દ્રીય વિદ્યાલય ના બાળકો પહોંચ્યાં હતાં.

આજીવન શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. સર્વપલ્લી રાધકૃષ્ણનની જન્મ જયંતિ તારીખ પાંચમી સપ્ટેમ્બરને દેશભરમાં શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વ્યક્તિ અને સમાજ ઘડતરમાં શિક્ષકોના પ્રદાન નું ઋણ સ્વીકાર કરતાં સૌ આ દિવસે શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળા રૂપે સ્વૈચ્છિક યોગદાન આપે છે.

મુખ્યમંત્રીશ્રીએ પણ શિક્ષક દિન અવસરે પોતાનો વ્યક્તિગત ફાળો અર્પણ કરીને ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

તેમણે ફાળો લેવા આવેલા શાળાના બાળકો સાથે સહજ સંવાદ કરીને શિક્ષકો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન પણ કર્યું હતું. આ વેળાએ જિલ્લા વિકાસ અધિકારી શ્રી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાળાના શિક્ષકો પણ જોડાયા હતા.

# એલઆરડી ની ભરતી પ્રક્રિયા અંતિમ તબકકામાંઃ તા. ૧૭ સપ્ટે.થી ૩૦ સપ્ટે. સુધીમાં ડોકયુમેન્ટ વેરીફીકેશન કરાવવા પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયામાં અંતિમ તબકકો છે. ગઈ તા. ૨૭ ઓગસ્ટે પોલીસ ભરતીની લોકરક્ષકનુ મેરીટ લીસ્ટ જાહેર કરાયા બાદ ભરતી બોર્ડે ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરીફીકેશન સહિતની પ્રક્રિયા હાથ ધરી છે. જેમાં તા. ૧૭ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન લોકરક્ષક કેડરના ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરીફીકેશન થઈ શકશે. અત્રે જણાવી દઈએ કે ગુજરાત રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક દળ કેડરની કોન્સ્ટેબલની ૧૨ હજાર જગ્યાઓ માટે પરીક્ષા ૧૫ જુને યોજાઈ હતી. અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સહિત રાજયના કુલ ૭ જિલ્લાઓ ઉપર ૨.૪૮ લાખ થી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જયારે ગઈ તા. ૬ ઓગસ્ટ ૨૦૨૫ એ ભરતી બોર્ડે લેખિત પરીક્ષાના ગુણો જાહેર કર્યા હતા. ત્યારબાદ રીચેકીંગ માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં કુલ ૫૫૭ અરજીઓ મળી આવી હતી. જેમાંથી દરેકની વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી




દરમિયાન બહાર આવ્યુ કે કેટલાક ઉમેદવારો દ્વારા ઓએમઆર શીટ પર પ્રશ્ન પુસ્તિકા કોડ લખવામાં ભુલ થઈ હતી. જેના કારણે તેમના ગુણોની ગણતરીમાં વિલંબ અને વિસંગતતા સર્જાઈ હતી. આ ભુલ અંગે તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવામાં આવશે તેવી શકયતા છે.

# વિકસિત ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થા કથળીઃ ટોપ ૧૦૦ માં એકપણ સ્ટેટ યુનિર્વસિટી નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં નેશનલ રેકિંગ રીપોર્ટ (એનઆઈઆરએફ) ૨૦૨૫ જાહેર કરવામાં આવ્યો છે અને તેના પરીણામો ગુજરાત માટે ચિંતાજનક છે. આ અહેવાલ દર્શાવે છે કે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ગુજરાત પાછળ ધકેલાઈ રહ્યુ છે, ખાસ કરીને ટોપ ૧૦૦ કોલેજોની યાદીમાં ગુજરાતની એકપણ કોલેજ સ્થાન મેળવી શકી નથી. જે શિક્ષણની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.




ગયા વરસે દેશની ટોપ ૧૦૦ ઓવરઓલ સંસ્થાઓમાં ગુજરાતની બે સંસ્થાઓ હતી જેમાં ચાલુ વરસે ફકત એક જ બાકી રહી છે, આઈટીઆઈ ગાંધીનગર, આઈઆઈટી ગાંધીનગર નો રેન્ક પણ ગયા વરસના ૨૯ માં ક્રમથી ઘટીને ચાલુ વરસે ૩૯ મો થયો છે. આ ઘટાડો ગુજરાતના શિક્ષણ માટે એક નબળી નિશાની છે. યુનિર્વસિટી કેટેગરીમાં ગુજરાત યુનિર્વસિટીએ સારો દેખાવ કર્યો છે. તેનો રેન્ક ૭૬ થી સુધરીને ૭૪ મો થયો છે. તે દેશની ટોપ ૧૦૦ યુનિર્વસિટીમાં સ્થાન પામતી ગુજરાતની એકમાત્ર સ્ટેટ યુનિર્વસિટી છે. જો કે ઓવરઓલ કેટેગરીમાં ગુજરાત યુનિર્વસિટી ટોપ ૧૦૦ માં થી બહાર થઈ ગઈ છે. જીટીયુ જે ગુજરાતની એક મોટી ટેકનીકલ યુનિર્વસિટી છે. તે ઓવરઓલ કેટેગરી કે યુનિર્વસિટી કેટેગરીમાં ટોપ ૧૦૦ માં સ્થાન મેળવી શકી નથી. જો કે ફાર્મસી કેટેગરીમાં તેનો રેન્ક ૭૦ થી વધીને ૫૮ થયો છે. જે એક સકારાત્મક સંકેત છે. સતત બીજા વરસે ગુજરાતની એકપણ કોલેજ દેશની ટોપ ૧૦૦ કોલેજોમાં સ્થાન મેળવી શકી નથી. છેલ્લે ૨૦૧૩ માં સેન્ટ ઝેવીયર્સ કોલેજને રેન્ક મળ્યો હતો.

ગુજરાતની યુનિર્વસિટીઓ અને કોલેજોની સંખ્યા સતત વધી રહી છે પરંતુ તેમાંથી મોટાભાગની સંસ્થાઓ રાષ્ટ્રીય સ્તરે રેન્કીંગ મેળવી શકતી નથી. ગુજરાતમાં ૧૦૦ થી વધુ યુનિર્વસિટીઓ અને ૩ હજાર થી વધુ કોલેજો હોવા છતાં આ સ્થિતિ કેમ છે તેના પર વિચાર કરવો જરૂરી છે. કેટલાક સંભવિત કારણો આ પ્રમાણે છે. રેન્કિંગ માટે અરજીનો અભાવ, ઘણી યુનિર્વસિટીઓ અને કોલેજો હજુ પણ એનઆઈઆરએફ રેન્કિં માટે અરજી જ કરતી નથી, આ પાછળનુ કારણ જાગૃતિનો અભાવ અથવા નબળી ગુણવત્તા હોઈ શકે છે. રીસર્ચ અને ઈનોવેશનનો અભાવ, રીપોર્ટ મુજબ રીસર્ચ અને ઈનોવેશનની કેટેગરીમાં આઈટીઆઈ ગાંધીનગર સિવાય ગુજરાતની એકપણ યુનિર્વસિટી કે સંસ્થા સ્થાન પામી શકી નથી. શિક્ષણની ગુણવત્તા, રેન્કિંગમાં પાછળ રહેવુ એ સ્પષ્ટપણે દર્શાવે છે કે શિક્ષણની ગુણવત્તા, માળખાગત સુવિધાઓ અને ફેકલ્ટીના સ્તરમાં સુધારાની જરૂર છે. આ પરીણામો ગુજરાતના શિક્ષણ ક્ષેત્ર માટે એક ચેતવણી સમાન છે. આ પડકારોને ઓળખીને રાજય સરકાર, યુનિર્વસિટીઓ અને શિક્ષણ સંસ્થાઓએ ગુણવત્તા સુધારવા, સંશોધનને પ્રોત્સાહિત આપવા અને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠા વધારવા માટે સંયુકત પ્રયાસો કરવા પડશે. માત્ર સંખ્યા વધારવાને બદલે ગુણવત્તા પર ધ્યાને કેન્દ્રિત કરવુ અત્યંત આવશ્યક છે. આ માટે નિતી નિર્મતાઓ અને શિક્ષણવિદોએ સાથે મળીને એક મજબુત માળખુ બનાવવુ પડશે.જેથી ગુજરાત ફરી એકવાર શિક્ષણના ક્ષેત્રમાં મોખરે આવી શકે, અત્રે જણાવી દઈએ કે લો, ફાર્મસી અને મેડીકલમાં રેન્ક સુધર્યા છે. જયારે એન્જીનીયરીંગ સહિતની કેટેગરીમાં સંસ્થાઓના રેન્ક પાછળ ગયા છે.

# ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૭મી જન્મજયંતિ નિમિત્તે વિધાનસભા ખાતે પુષ્પાંજલિ અર્પણ કરતા શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર

દેશના બીજા રાષ્ટ્રપતિ, મહાન તત્ત્વચિંતક અને શિક્ષક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૭મી જન્મજયંતિ નિમિત્તે શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે આજે વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ડૉ. રાધાકૃષ્ણન માત્ર તત્ત્વચિંતક અને વિચારક જ નહોતા, પરંતુ શિક્ષણક્ષેત્રના મહાન દીપસ્તંભ પણ હતા. રાષ્ટ્રપતિ તરીકે તેમણે દેશના સંવિધાનને કેન્દ્રસ્થાને રાખી રાષ્ટ્રને નવી દિશા આપવાનો ઐતિહાસિક કારભાર સંભાળ્યો હતો. તેમની યાદમાં પ્રતિ વર્ષ તા. ૫મી સપ્ટેમ્બરના રોજ 'શિક્ષક દિવસ' તરીકે સમગ્ર ભારતમાં ઉજવવામાં આવે છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ મદ્રાસ પ્રાંતના તિરૂત્તાની ગામે એક મધ્યમવર્ગીય બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બાળપણથી જ તેઓ તેજસ્વી વિદ્યાર્થી હતા. માત્ર ૧૮ વર્ષની વયે તેમણે સ્નાતક અને ૨૧ વર્ષની ઉંમરે અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. વર્ષ ૧૯૦૯માં દર્શનશાસ્ત્રના અધ્યાપક તરીકે તેમણે કારકિર્દીની શરૂઆત કરી અને સાથે અનેક સામયિકોમાં લેખ લખી ભારતીય દર્શનનો પ્રચાર કર્યો. તેમનું પ્રથમ પુસ્તક 'ધ ફિલોસોફી ઓફ રવિન્દ્રનાથ ટાગોર' તરીકે પ્રકાશિત થયું હતું. વર્ષ ૧૯૨૬માં હાર્વર્ડ યુનિવર્સિટીમાં યોજાયેલી ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ફિલોસોફીમાં તેમણે કોલકાત્તા યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. સ્વતંત્ર ભારત પછી તેઓ યુનેસ્કોમાં દેશના પ્રતિનિધિ રહ્યા હતા . બનારસ હિન્દુ યુનિવર્સિટીના કુલપતિ તરીકે પણ તેમણે શિક્ષણક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં છ વર્ષ સુધી વિઝિટિંગ પ્રોફેસર તરીકે ભારતીય વિચારધારાનો પ્રચાર કર્યો હતો. તેમના અસાધારણ યોગદાન બદલ તેમને 'ભારત રત્ન', 'ટેમ્પલટન' એવોર્ડ સહિત અનેક પુરસ્કારો પણ પ્રાપ્ત થયા હતા.

આ પ્રસંગે વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ શ્રી સી.બી. પંડ્યા સહિત અધિકારીઓ, કર્મચારીઓએ ઉપસ્થિત રહી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

- ધ્રુવી ત્રિવેદી

### ૬ સપ્ટેમ્બરઃ રાષ્ટ્રીય પુસ્તક વાંચો દિવસ

# ગુજરાતના નાગરિકોને વાંચન માટે પ્રેરિત કરવા રાજ્યભરમાં ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત, નવા ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને મંજૂરી

ગુજરાતના નાગરિકો નિયમિત વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશથી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૦માં 'વાંચે ગુજરાત' અભિયાન ચલાવ્યું હતું. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના તમામ પુસ્તકાલયોને ગ્રંથથી સમૃદ્ધ બનાવવાનું આયોજન કર્યું હતું. પુસ્તક વાંચનના મહત્વને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યભરમાં સરકારી પુસ્તકાલયોની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ગત વર્ષે રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં તેમજ ૭ આદિજાતિ જિલ્લા ૧૪ તાલુકાઓમાં મળીને તાલુકા સ્તરે કુલ ૬૪ સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ૬૪માંથી ૫૩ સરકારી પુસ્તકાલયો કાર્યરત થઈ ચૂક્યા છે, અને ૧૧નું કામ પ્રગતિમાં છે. આજે સમગ્ર ગુજરાતમાં કુલ ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત છે, અને આ વર્ષે તાલુકા સ્તરે નવા ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. એ પછી રાજ્યના તમામ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો કાર્યરત થઈ જશે.ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૬ સપ્ટેમ્બરનો દિવસ 'નેશનલ રીડ અ બુક ડે' એટલે કે 'રાષ્ટ્રીય પુસ્તક વાંચો દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી દરેક વ્યક્તિને પુસ્તક વાંચનનો આનંદ માણવા માટે તેમના દિવસમાંથી સમય કાઢવા માટે પ્રેરિત કરે છે. આ દિવસને ઊજવવાનો ઉદ્દેશ દરેક લોકો વાંચનની પ્રવૃત્તિમાં રસ લેતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે, જેથી તેઓ વાંચન પ્રવૃત્તિને કેળવી શકે અને વાંચનનો આનંદ લઈ શકે.

રાજ્યમાં ૩૩ જિલ્લા પુસ્તકાલયો અને ૧૫૦ તાલુકા પુસ્તકાલયો

રાજ્યમાં કુલ ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત છે, જેમાં ૩૩ જિલ્લા પુસ્તકાલયો અને ૧૫૦ તાલુકા પુસ્તકાલયો સહિત મધ્યસ્ત પુસ્તકાલયો, ફરતા પુસ્તકાલયો, રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર, સ્ટેટ આર્ટ લાયબ્રેરી અને મહિલા ગ્રંથાલયોનો પણ સમાવેશ થાય છે.

મધ્યસ્થ પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૫૦૦થી વધુ વાચકો જ્યારે જિલ્લા પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૧૫૦થી વધુ વાચકો

રાજ્યભરમાં સ્થિત સરકારી પુસ્તકાલયો નાગરિકોને વાંચન માટે પ્રેરિત કરે છે. રાજ્યના મધ્યસ્થ પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૫૦૦થી વધુ નાગરિકો વાંચનનો લાભ લઈ રહ્યા છે, જ્યારે જિલ્લા પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૧૫૦થી વધુ વાંચકો વાંચનનો લાભ લઈ રહ્યા છે. રાજ્યના જે જિલ્લા પુસ્તકાલયો ખાતે વાંચનની સુવિધા ઉપલબ્ધ છે, ત્યાં પ્રતિદિન ૨૫૦થી વધુ વાચકો વાંચનનો લાભ લઈ રહ્યા છે, અને તાલુકા પુસ્તકાલયો ખાતે પણ ૧૦૦થી વધુ વાચકો પ્રતિદિન વાંચનનો લાભ મેળવી રહ્યા છે.

આદિજાતિ સમુદાયો પણ મેળવી રહ્યા છે વાંચનનો લાભ

રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિવાસી સમુદાયોના લોકોમાં વાંચન પ્રત્યે રસ જાગૃત થાય અને તેઓ વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશ્યથી રાજ્યના તમામ આદિવાસી તાલુકાઓમાં પણ પુસ્તકાલયો કાર્યરત કરવામાં આવ્યા છે. રાજ્યના ૭ આદિજાતિ જિલ્લાઓના ૧૪ તાલુકાઓમાં પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યા છે, જેના થકી આદિજાતિ સમુદાયને પણ વાંચન સેવાનો લાભ મળી રહ્યો છે.

# પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન – ભાવનગર મંડળ દ્વારા શિક્ષક દિવસે રંગારંગ કાર્યક્રમનું આયોજન

શિક્ષક દિનના અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન દ્વારા સંચાલિત બાલ મંદિર અને કિડ્સ હટના શિક્ષકો દ્વારા ભાવનગર મંડળમાં તા. ૦૫.૦૯.૨૦૨૫ શુક્રવાર ના રોજ એક રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ અવસરે સંગઠનની અધ્યક્ષ શ્રીમતી શાલિની વર્મા, ઉપાધ્યક્ષ શ્રીમતી મોનિકા શર્મા સહિત અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શિક્ષકોએ વિવિધ સાંસ્કૃતિક રજૂઆતો કરી હતી, જેને સૌએ ખૂબ સરાહ્યા હતા.

મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષ શ્રીમતી શાલિની વર્માએ શિક્ષકોને સંબોધતા સમાજ નિર્માણમાં તેમની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી હતી.

તેમણે કહ્યું કે શિક્ષકજ બાળકોના ઉજ્જવળ ભવિષ્યની પાયાની રચના કરે છે અને તેમને યોગ્ય દિશા પ્રદાન કરે છે. આ અવસરે શિક્ષકોને ભેટ આપીને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના કાલવણ ગામના યુવકને લલચાવી કડીયાદરા પીએચસી કેન્દ્રના કર્મચારીએ નસબંધી કરી નાંખી

## હું આ નસબંધી પ્રકરણમાં જાણતો નથી : હું તપાસ કરાવુ છું : જિલ્લા આરોગ્ય અધિકારી સુતરીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં મહેસાણા જિલ્લામાં થોડા દિવસો અગાઉ નસબંધીકાંડ બહાર આવ્યો હતો, તેજ પ્રમાણે હવે સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગમાં નસબંધી કૌભાંડ બહાર આવ્યુ છે. આ મામલે જિલ્લા આરોગ્ય અધિકારી સુતરીયાને પુછવામાં આવતા અધિકારીશ્રીએ જણાવ્યુ હતુ આ પ્રકરણમાં હું જાણતો નથી, પરંતુ તપાસ કરાવી જવાબદાર વ્યકિત સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવુ જિલ્લા આરોગ્ય અધિકારીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું.



જિલ્લાના વિજયનગર તાલુકાના કાલવણમાં વ્યકિતની જાણ બહાર નસબંધી કરી નાંખતા ચકચાર મચી જવા પામી છે, કડીયાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ ૪ હજાર રૂપીયાની લાલચ આપીને યુવકની નસબંધી કરી નાખી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર વિજયનગર તાલુકાના કડીયાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ કાલવણ ગામના દિનેશ નિનામા નામના વ્યકિતને ૪ હજાર રૂપીયાની લાલચ આપીને નસબંધી કરાવી નાંખી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. દારૂનુ સેવન કરાવી કર્મચારીઓએ ટાર્ગેટ પુરો કર્યો હોવાનો પણ આક્ષેપ કરાયો છે. નસબંધીવાળા પુરુષને ઈન્ફેકશન થતા તેને સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યો છે. પરીવારે જવાબદાર કર્મચારીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. કડીયાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ ૧૫ દિવસ અગાઉ વ્યકિતને દારૂનુ સેવન કરાવી લલચાવીને પોતાનો ટાર્ગેટ પુરો કર્યો હોવાનો આક્ષેપ કરાયો છે. આ બનાવ બાદ ગ્રામજનોએ સાથે મળીને સ્ટાફના કર્મચારીઓ, પીડીત નિનામાને મેડીકલ ચેકઅપ અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ચેકઅપ કરાવ્યા બાદ ઈડરની ખાનગી હોસ્પીટલમાં સારવાર અપાઈ હતી. ગ્રામજનોએ એવો આક્ષેપ કર્યો હતો કે અંતરીયાળ વિસ્તારના લોકોને ભોળવીને કર્મચારીઓ પોતાનો ટાર્ગેટ પુરો કરી રહ્યા છે. આ બનાવ બાદ ઈડરના તાલુકા આરોગ્ય અધિકારી પણ મીડીયાનો ફોન રીસીવ કરતા ન હોવાનુ બહાર આવ્યુ છે.

# હિંમતનગરના સવગઢ ગામની પાણી ભરેલી ખાણોમાંથી યુવકની લાશ મળી આવતા ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીકના પાણપુર (સવગઢ) ગામે એક કરૂણ ઘટના બનવા પામી છે, સવગઢ ગામની સીમમાં આવેલી પાણી ભરેલી ખાણમાંથી એક યુવકની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવે સ્થાનિક લોકોમાં આઘાત અને ચિંતાની લાગણી ફેલાવી છે. મૃતક યુવક ગામનો જ હોવાનુ બહાર આવ્યુ છે. જેના કારણે સવગઢ ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે,

મળતી માહિતી અનુસાર પાણપુર (સવગઢ) ગામની સીમમાં આવેલી એક પાણીથી ભરેલી પથ્થરની ખાણમાં ગામના જ એક ૨૫ વર્ષીય યુવક મુનવર ઈદ્રીશભાઈ સારોલીયા નામના યુવકની લાશ મળી આવી હતી, સવારે જયારે કેટલાક ગ્રામજનો ખાણ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે પાણીમાં તરતી લાશ જોઈ હતી અને તરતજ પોલીસને જાણ કરી હતી, બનાવની ગંભીરતાને જોતા પોલીસે તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવી સ્થાનિક લોકોની મદદથી લાશને પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી અને કાયદેસરની કાર્યવાહી માટે પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવી હતી, મૃતકના પરીવારજનો અને ગામમાંથી મોટી સંખ્યામાં લોકો લાશ ને જોવા ઉમટી પડયા હતા. પોલીસે હાલમાં મૃત્યુનુ ચોક્કસ કારણ જાણવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, પોલીસ અકસ્માત કે અન્ય કોઈ કારણ થી યુવકનુ મૃત્યુ થયુ હોવાનુ અનુમાન લગાવી રહી છે, જો કે સાચુ કારણ પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ જ બહાર આવશે. પાણી ભરેલી ખાણ હોવાથી યુવકનો પગ લપસી ગયો હશે અને તે અકસ્માતે ડુબી ગયો હશે તેવી પણ શકયતાઓ વર્તાઈ રહી છે, પરંતુ પોલીસ તમામ પાસાઓની ગંભીરતાથી તપાસ કરી રહી છે. આ કરૂણ ઘટનાએ ગામના યુવકો અને સ્થાનિક લોકોમાં ભય અને દુઃખની લાગણી ફેલાવી છે. આ બનાવ પરથી એ પણ સાબિત થાય છે કે આવી ખાણો ઉંડા પાણીવાળા સ્થળોએ સાવચેતી રાખવી કેટલી જરૂરી છે, તો ખાણ ખનીજ વિભાગે પણ ઉંડી ખાણોમાં પાણી ભરાઈ જવાને કારણે રાહદારીઓ માટે જરૂરી ચેતવણીના બોર્ડ લગાડવા જરૂરી બની રહ્યા છે.

# ગાંધીનગરમાં વિધાનસભાના ત્રિદિવસીય સત્રને લઈ ૮૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરાશે

## વિધાનસભા સંકુલ ફરતે લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવાશે : કોંગ્રેસ વિધાનસભા સંકુલનો ઘેરાવ ન કરે તે માટે તમામ માર્ગો સીલ કરી દેવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના ત્રિદિવસીય ચોમાસા સત્રનો તા. ૮ મી સપ્ટેમ્બર સોમવાર થી પ્રારંભ થવાનો છે, વિધાનસભાના સત્ર દરમિયાન ૮૦૦ થી વધુ પોલીસ જવાનો નો સધન બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ગુજરાત વિધાનસભાનુ ત્રિદિવસીય સત્ર આવતી કાલે સોમવાર, મંગળવાર અને બુધવારના રોજ યોજાશે. એક તરફ સરકાર થી નારાજ ચાલતા સંગઠનો દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ૩ દિવસ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે વિધાનસભા સંકુલને લોખંડી સુરક્ષા પુરી પાડવામાં આવશે. ૩ દિવસ દરમિયાન શહેરમાં અને સંકુલમાં ૮૦૦ થી વધુ પોલીસ અધિકારી અને કર્મચારીઓ ફરજ બજાવશે. સોમવાર થી મળનારા સત્ર દરમિયાન ગાંધીનગર પોલીસ દ્વારા




વિધાનસભા સંકુલ અને ગાંધીનગર શહેર એમ બે ઝોનમાં બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. રાજયની વિધાનસભામાં ૩ દિવસીય ચોમાસુ સત્ર ચાલુ થવા જઈ રહ્યુ છે. ત્યારે કોંગ્રેસ દ્વારા વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ અપાયો છે. આ ઉપરાંત પૂર્વ સૈનિકો પણ આંદોલન કરી રહ્યા છે ત્યારે વિધાનસભા સંકુલ ફરતે સધન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. પણ શહેરના પ્રવેશના માર્ગે પણ બંદોબસ્ત ગોઠવીને શહેરમાં પ્રવેસતા વાહનોની તલાશી લેવામાં આવશે. શહેરમાં પ્રવેશ દ્વાર ઉપર વાહન ચેકીંગની સાથે સર્કલો ઉપર એસઆરપી જવાનોને ખડેપગે બંદોબસ્ત માટે મુકવામાં આવશે. સત્યાગ્રહ છાવણી ઉપર પોલીસની સાથે એસઆરપીના ૫૦ થી વધુ જવાનોને તૈનાત કરવામાં આવશે. વિધાનસભા તરફના સર્કલો ઉપરો પણ એસઆરપી જવાનો ગોઠવાશે.

પોલીસ સુત્રોના કહેવા પ્રમાણે વિધાનસભાના સત્ર દરમિયાન ગાંધીનગર શહેરમાં ૨ એસપી, ૬ ડીવાયએસપી, ૩૦ પોલીસ ઈન્સ્પેકટર, ૬૦ પોલીસ સબ ઈન્સ્પેકટર તેમજ ૫૦૦ થી વધુ પોલીસ જવાનોની સાથે એસઆરપી ગોઠવવામાં આવી છે. એટલુ જ નહી કોઈપણ બનાવ સમયે તાત્કાલીક પહોંચી વળવા કવીક રીસપોન્સ ટીમ પણ ગોઠવવામાં આવી છે. વિધાનસભા સંકુલ ફરતે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ દ્વારા ચેકીંગ કરવામાં આવશે.

# પોલીસે જ નિયમો તોડયા : ગુજરાતમાં કાળા કાચ અને નંબર પ્લેટના નિયમોના થઈ રહ્યા છે ધજાગરા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના સામાન્ય નાગરીકો માટે કડક નિયમો લાગુ કરનાર પોલીસ તંત્રના જ કેટલાક વાહનોમાં કાળા કાચ અને નંબર પ્લેટ ના નિયમોનુ છેડે ચોક ઉલ્લંઘન જોવા મળી રહ્યુ છે. ગુજરાતમાં ટ્રાફીક નિયમોનુ પાલન કરાવવાની જવાબદારી ધરાવતી પોલીસની જ ગાડીઓ કાળા કાચ અને નંબર પ્લેટના નિયમોનુ ઉલ્લંઘન કરતી જોવા મળી રહી છે.



એક તરફ પોલીસ વિભાગે તા. ૩ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન કાળા કાચ અને નંબર પ્લેટ વિનાની ગાડીઓ સામે સ્પેશ્યલ ડ્રાઈવ ચલાવવાનો આદેશ જારી કર્યો છે. પરંતુ બીજી તરફ રાજયના પોલીસ ભવનના પાર્કિંગમાં જ આવા નિયમોનુ ઉલ્લંઘન થતુ જોવા મળી રહ્યુ છે. આ ઘટનાએ દિવા તળે અંધારૂ જેવી સ્થિતિ ઉભી કરી છે, જેના કારણે સામાન્ય નાગરીકોમાં રોષ અને આશ્ચર્ય ફેલાયુ છે, પોલીસ ભવનના પાર્કિંગમાં ઘણી એવી ગાડીઓ જોવા મળી છે જેના પર કાળા કાચ લગાવેલા છે, અને કેટલીક ગાડીઓ તો એવી પણ છે જેના પર નંબર પ્લેટ જ નથી, આ સ્થિતિ ખરેખર ચિંતાજનક છે. કારણ કે જયાં કાયદાનુ પાલન કરાવવાની જવાબદારી છે ત્યાં જ તેનો ભંગ થતો નજરે પડે છે. ઉલ્લેખનીય છે કે વાહનો પર કાળા કાચ અને નંબર પ્લેટ ન હોવી એ માત્ર ટ્રાફીકના નિયમનો ભંગ નથી પરંતુ તે સુરક્ષાના દ્રષ્ટીકોણથી પણ ગંભીર બાબત છે. કાળા કાચ લગાડવાથી વાહનની અંદર કોણ છે તે જોઈ શકાતુ નથી. જે ગુન્હાહીત પ્રવૃત્તિઓ માટે માર્ગ મોકળો કરી શકે છે, તેવી જ રીતે નંબર પ્લેટ ન હોવાથી વાહનની ઓળખ થઈ શકતી નથી, જે કોઈ પણ ગુન્હાના કિસ્સામાં તપાસ માટે મોટો અવરોધ બની શકે છે. આ નિયમોનુ પાલન દરેક માટે ફરજીયાત છે અને પોલીસ ભવન જેવી સંવેદનશીલ જગ્યાએ આ પ્રકારની બેદરકારી અત્યંત ગંભીર છે, જે પોલીસ ભવનથી કાર્યવાહી માટેના ઓર્ડર થયા તે પોલીસ ભવનમાં જ કાયદાની અમલવારી થઈ રહી નથી. આમ કાયદાના રક્ષક જ કાયદાના ભક્ષક બન્યા છે. સામાન્ય લોકો પાસે કાયદા પળાવનારાઓ પોતે જ કાયદાને પાળી રહ્યા નથી. આમ દિવા તળે જ અંધારા જેવી પરીસ્થિતિનુ નિર્માણ થયુ છે. આ અંગેની જવાબદારી કોણ લેશે ? તે એક સવાલ ઉઠી રહ્યો છે. આ ઘટના એ વાત પર ભાર મુકે છે કે કાયદો સૌ માટે સમાન હોવો જોઈએ, જે પોલીસ સામાન્ય નાગરીકોને આ જ ગુન્હા માટે દંડ ફટકારે છે. તે ખુદ પોતાના જ પરીસરમાં આવા વાહનોને કેમ મંજુરી આપે છે. તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. આ પ્રકારની ઘટનાઓથી પોલીસની પ્રતિષ્ઠા અને કાયદા પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતા પર સવાલો ઉઠી રહ્યા છે. તંત્રએ તાત્કાલીક આ બાબતે ધ્યાન આપીને આવા વાહનો વિરૂધ્ધ કાર્યવાહી કરવી જોઈએ અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કડક પગલા ભરવા જોઈએ. કાયદાનુ પાલન સૌ પ્રથમ પોલીસ તંત્ર દ્વારા જ થવુ જરૂરી છે. જે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ નિયમોનુ ઉલ્લંઘન કરે છે તેમની સામે શું કાર્યવાહી થશે ? ગુજરાત સરકારે ૨૦૧૯ માં ટ્રાફીક દંડની રકમમાં ઘટાડો કર્યો હતો જેથી નાગરીકો પર બોજ ન પડે, પરંતુ નિયમોનુ પાલન કરાવવાની જવાબદારી પોલીસ પર છે, હવે જયારે પોલીસ જ નિયમો તોડતી જોવા મળે છે ત્યારે આ મુદ્દે ઉચ્ચસ્તરે તપાસની માંગ ઉઠી રહી છે.

# ઈદે મિલાદ પર્વ નિમિત્તે હિંમતનગર તાલુકા મેમણ જમાત અને મેમણ યુથ સર્કલના સંયુકતપણે સીવીલ હોસ્પીટલમાં ફ્રુટ વિતરણનો કાર્યક્રમ યોજાયો



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઈસ્લામ ધર્મના મહાન અને અંતિમ પયંગબર હઝરત મોહંમદ (સ.અ.વ.) સાહેબના યોમે વિલાદત જન્મ દિવસ સમગ્ર વિશ્વ માં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, સાથે સાથે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે હિંમતનગર તાલુકા મેમણ જમાત અને તાલુકા મેમણ યુથ સર્કલના સંયુકતપણે સેવા ભાવી યુવાનો દ્વારા શહેરની સીવીલ હોસ્પીટલમાં ગરીબ દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે સીવીલ હોસ્પીટલના આરએમઓ ડો.વિપુલ જાની તેમજ પુષ્પા પરમાર ની મદદ લઈ યુથ સર્કલના પ્રમુખ મુન્તજીર, સેક્રેટરી કામીલ મેમણ, ઈસ્માઈલ મેમણ, ફેઝાન મેમણ સહિતનાઓએ ભારે જહેમત ઉઠાવી પ્રસંગને સફળ બનાવ્યો હતો.

# હિંમતનગરમાં ઈદે મિલાદનુ નિકળેલુ ભવ્ય જુલુસ : મરહબા મરહબા યા મુસ્તુફા ના નારા સાથે નિકળેલુ ભવ્ય જુલુસ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઈસ્લામ ધર્મના મહાન અને અંતિમ પયંગબર હઝરત મોહમદ (સ.અ.વ.) સાહેબના યોમે વિલાદત જન્મ દિવસ નિમિત્તે હિંમતનગર ખાતે ઈદે મિલાદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

શહેરમાં જુલુસ સવારે ૮ કલાકે નિકળી નગીના મસ્જીદ, હાઈવે, ત્રણ ખુણીયા ઓટલા, મોટી વ્હોરવાડ, સાંજર સ્ટ્રીટ, મિનારા મસ્જીદ, મદીના મસ્જીદ, અલીફ મસ્જીદ, મુસ્તુફા મસ્જીદ, હુસેની ચોક, કસ્બા મસ્જીદ, થઈ બહુમાળી ભવન પાસેથી પસાર થઈ હસનનગર , હસનશહીદ દરગાહ ખાતે જુલુસનુ સમાપન થયુ હતું. તો બીજી તરફ બપોરે મુસ્લીમ વેલફેર કમિટી દ્વારા મદની જુલુસ કાઢવામાં આવ્યુ હતું. આ જુલુસમાં હિંમતનગર શહેર સહિત આજુબાજુ ના મુસ્લીમ સમુદાયના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં મુસ્લીમ સમુદાયના લોકોએ ભાગ લઈ નાત શરીફ તેમજ મરહબા મરહબા યા મુસ્તુફા ના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠયુ હતું. શહેરની વિવિધ મસ્જીદમાં વહેલી સવારે કુરાખ્વાની અને વાયજનો પોગ્રામ રાખવામાં આવ્યો હતો. તેમજ શહેરની વિવિધ મસ્જીદોમાં હઝુર (સ.અ.વ.) સાહેબના મુએ મુબારક શહીદ તબરૂકની ઝીયારત કરાવવામાં આવી હતી.



# ગુજરાતમાં ભાજપ સરકાર કઈ રીતે બેટી પઢાવો બેટી બચાવોની વાતો કરે છેઃ ગૌરી દેસાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રવકતા હિમાંશુ ઠક્કર તથા પ્રદેશ ઉપપ્રમુખ તેમજ મહિલા નેતા ગૌરી દેસાઈએ આજે શિક્ષાને લગતા મુદ્દે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી,

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ પ્રવકતા હિમાંશુ ઠક્કરે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં દરેક ક્ષેત્રમાં આજે જનતા લાચાર બની રહી છે, ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રમાં લાચાર બની ગઈ છે. કંઈકને કઈ ઘટનાઓ આપણને ધ્રુજારી ઉપજાવી દે એવી બને છે, ગુજરાત સરકાર કાગળ ઉપર તો સારી સારી વાતો કરે છે, ૧૦/૪/૨૦૧૭ માં એક ઠરાવ કરવામાં આવ્યો હતો. જે પણ ગ્રાન્ટેડ શાળાઓ છે એ ગ્રાન્ટેડ શાળાઓમાં ધો. ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને વિના મુલ્ય શિક્ષણ આપવામાં આવશે. જુન ૨૦૧૭ થી તેની અમલવારી થવાની હતી પરંતુ ચાંદખેડામાં આવેલી એક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના




વાલીઓ તરફથી અમને ફરીયાદ મળી છે, વાલીઓનુ કહેવુ છે કે મફત શિક્ષણ આપીશુ સરકાર એવુ કહે છે પરંતુ હકીકતમાં વિદ્યાર્થીનીઓ પાસેથી ૪ થી ૫ હજાર રૂપીયાની ફી એનકેન પ્રકારે ઉઘરાવવામાં આવી રહી છે, અમને વાલીઓએ ફી ની રસીદો પણ આપી છે પરંતુ એ લોકો એટલા ડર માં છે કે એમણે જાહેર કરવાની ના પાડી છે, મારે મીડીયાના માધ્યમથી શાસનમાં બેઠેલા, શિક્ષણ સાથે સંકળાયેલા મોટા મોટા અધિકારીઓને જણાવુ છુ કે ખાલી કાગળ ઉપર વાતો થાય છે પરંતુ હકીકતમાં ગ્રાન્ટેડ શાળાઓમાં દિકરીઓ પાસેથી ૪ હજાર જેટલી માતબર ફી વસુલવામાં આવી રહી છે. આ અંગે ઉંડી તપાસ કરવામાં આવે તેવી આમ આદમી પાર્ટીની માંગ છે.

છેલ્લા ૮ વરસમાં આ શાળાઓ દ્વારા જેટલી પણ ફી ઉઘરાવવામાં આવી છે. તે દિકરીઓના માતા પિતાને બોલાવીને તમામ ફી સરકાર દ્વારા પરત અપાવવામાં આવે, ભારતીય જનતા પાર્ટીનો ભ્રષ્ટાચાર એટલી હદે વધી ગયો છે કે તેમના માટે ૪ થી ૫ હજાર રૂપીયાની ફી સામાન્ય રકમ બની ગઈ છે. પરંતુ સામાન્ય લોકો ૨૫ થી ૫૦ હજારની કમાણી કરીને ઘર ચલાવતા પરીવારજનોને જો પોતાના સંતાન પાછળ આવી રીતે વધારાના ૪ થી ૫ હજાર રૂપીયા આપવા પડતા હોય તો એ ગુજરાતની જનતાની શિક્ષણની કરૂણતા છે. જે વી પટેલ ટ્રસ્ટી છે, એક એવી પેટર્ન બની ગઈ છે કે એક એવી ફેશન બની ગઈ છે, કોઈ ભારતીય જનતા પાર્ટીના મોટા નેતા કે મુખ્યમંત્રી સાથે ફોટો પડાવી દે એટલે જાણે મન ફાવે તેવી રીતે ફી ઉઘરાવવાનુ એમને લાયસન્સ મળી ગયું. ચાંદખેડામાં આવેલી સાબરમતી હાઈસ્કુલ જેમાં ધો. ૯ થી ૧૨ ની જે વિદ્યાર્થીનીઓ છે તેમની પાસેથી પણ મોટી રકમની ફી ઉઘરાવવામાં આવે છે, છેલ્લા ૮ વરસમાં જે પણ ફી ઉઘરાવવામાં આવી છે તે તમામ પરત કરવામાં આવે, સાથે સાથે આ કેમ્પસમાં આઈબી ઈંગ્લીશ સ્કુલ પણ ચાલે છે જયાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ છે, એમના માટે એફઆરસી બનાવી છે, એફઆરસીમાં ૧૫ હજાર રૂપીયા ફી નકકી કરી હોય છે, પરંતુ રૂપીયા ૧૮ હજાર ઉઘરાવવામાં આવે છે અને કોઈ કશુજ બોલતુ નથી, શું આપણે વાલીઓ મા બાપ, જનતા, એટલી બધી લાચાર બની ગઈ છે કે આપણે અવાજ પણ ઉઠાવી નથી શકતા ? મારી વિનંતી છે કે આગામી દિવસોમાં આ પ્રકરણનો ખુલાસો બહાર આવે અને આ વાલીઓને ન્યાય નહી મળે તો ગાંધીનગર ડીઈઓ કચેરીને મળીને કાર્યવાહી કરીશુ તેવુ જણાવવામાં આવ્યુ છે.

# રાજકોટ શહેરના સરધારમાં સગા ભાઈ અને ભાભીએ ભેગા મળી બહેનને ઢોર માર મારી પરાણે ફીનાઈલ પીવડાવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર રહેતી મહિલાની પુત્રીને સગો ભત્રીજો ભગાડી ગયો હતો. જે બાબતે વિવાદ થતા મહિલાના પુત્રએ ધમકી આપ્યાની ફરીયાદ કરી હતી . આખી મહિલા સરધારમાં રહેતા તેના ભાઈના ઘરે જઈ મારા પુત્ર વિરૂધ્ધ ફરીયાદ કેમ કરી તેવુ કહેતા સગા ભાઈ, ભાભી, ભત્રીજા અને ભત્રીજી સહિતનાઓએ ભેગા મળી માર મારી ફીનાઈલ પીવડાવી દેતા મહિલાને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાસે આદિત્ય બિલ્ડીંગમાં રહેતા અંબાબેન વજુભાઈ દાફડા (ઉ.વ.૪૨) નામની મહિલા આજે શુક્રવારે સવારે સરધાર ગામે તેના ભાઈ



મુળજીભાઈના ઘરે હતા, આ સમયે ભાઈ મુળજીભાઈ હમીરભાઈ મકવાણા, ભાભી જમનાબેન, ભત્રીજો વિપુલ, અભય , ભત્રીજી અંજલી સહિતનાઓએ ભેગા મળી અંબાબેનને ઢીકા પાટુનો માર મારી ફીનાઈલ પીવડાવી દેતા તેમને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે સીવીલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોધ કરી આજી ડેમ પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં અંબાબેનને સંતાનમાં ૧ પુત્ર અને ૩ પુત્રી છે. તેમના પતિ એસટી માં કંડકટર તરીકે નોકરી કરે છે, તેમના ભાઈ મુળજીભાઈનો પુત્ર આશિષ પરણિત હોવા છતાં અંબાબેનની પુત્રી નેહલ ને ગઈ તા. ૧૩/૮ ના રોજ ભગાડી ગયો હતો અને બંનેએ ભેગા મળી કોર્ટમાં મૈત્રી કરાર કરી લીધા હતા. આ અંગે અંબાબેને ગઈ તા. ૧૪/૮ ના રોજ યુનિર્વસિટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. ત્યારબાદ સમાધાનમાં બોલાચાલી થતા ફરીયાદીના પુત્રએ ધમકી આપી હતી. આથી તેના પુત્ર ઉપર ધમકી આપ્યાની ફરીયાદ કરી હોવાથી અંબાબેન તેના ભાઈના ઘરે જઈ મારા પુત્ર વિરૂધ્ધ કેમ ફરીયાદ કરી તેવુ કહેતા સગો ભાઈ સહિતના પરીવારજનોએ માર મારી ફીનાઈલ પીવડાવી દીધુ હોવાનુ પોલીસ મથકે જણાવ્યુ હતું. આ અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આખજમાં પેટ્રોલ છાંટી જમાઈનો સસરાને સળગાવવાનો પ્રયાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા તાલુકાના આખજ ગામે દીકરીને લેવા ગયેલા સસરા સાથે જમાઈએ તકરાર કરી હતી અને વેવાણે અપશબ્દો બોલ્યા હતા.

ઉશ્કેરાઈ ગયેલા જમાઈએ સસરા પર પેટ્રોલ છાંટ્યા બાદ તેના ભાગીદારે દિવાસળી ચાંપી સળગાવતાં ત્રણેય સામે લાંઘણજ પોલીસ મથકે હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો છે.

બનાસકાંઠાના વડગામ તાલુકાના કોદરામ ખાતે રહેતા દિનેશભાઈ મફતલાલ વાઘેલા (ઉં. ૫૫) ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે અને તેમની મોટી પુત્રી સંગીતાબેનને ચારેક વર્ષ અગાઉ મહેસાણા તાલુકાના આખજ ગામે રહેતા દંતાણી સંજયકુમાર પોપટલાલ સાથે પરણાવેલી છે.